



## અનુપમ મિશનના શિણાય-કચ્છ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

સન ૨૦૦૧માં કચ્છ-ગુજરાતમાં આવેલ ભૂકંપથી ગ્રસ્ત વિસ્તારોમાં સંતભગવંત સાહેબજીની અનુકંપા અને સેવાભાવનાએ અનુપમ મિશન દ્વારા તાત્કાલિક રાહતકાર્યો આરંભાયાં. રહેવા માટેની છાવણીઓ તૈયાર કરાઈ, ટૅન્ટનાં વિતરણ કરાયાં. નાના દહીસરા ગામ દત્તક લઈ પુનઃસ્થાપન કરાયું. શિણાય ખાતે અનાથ બાળકો માટે આશ્રમ સ્થપાયો. સંતોની હૂંફ હેઠળ 'ધર્મ-ભક્તિ નિકેતન' આવાસગૃહમાં બાળકો ઊછર્યાં અને તેઓનાં શિક્ષણ, રોજિંદા જીવનની જરૂરિયાતો અને સ્થાયી થવા સુધીની સઘળી જવાબદારી અનુપમ મિશન દ્વારા પૂરી પાડવામાં આવી.

આશ્રમમાં નાનું દેવસ્થાન હતું, જ્યાં આશ્રમનિવાસી બાળકો દૈનિક પૂજા-પ્રાર્થના કરે, થાળ-આરતી અર્પણ કરે અને અઠવાડિક સત્સંગસભા પણ કરે. નગરજનો પણ અઠવાડિક સત્સંગસભામાં પધારે. સંતોની નિયમિત પધરામણી તથા સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી થતાં સેવાનાં કાર્યોની મહેક ચોમેર પ્રસરી. મંડળના ભક્તોની ભાવના અને સંતોની પ્રાર્થનાથી આશ્રમનું મંદિર હરિમંદિરમાં પરિણમ્યું અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની આરસની મૂર્તિઓ પધરાવાઈ. પ્રભુ સર્વ ગુણાતીત સ્વરૂપો સાથે બિરાજ્યા. આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ૯ અને ૧૦ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતોની દિવ્ય સંનિધિમાં અનેક મહાનુભાવો તથા સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં અપાર ભક્તિભાવે સંપન્ન થયો.



આશીર્વાદ : સંતભગવંત સાહેબજી

સંતભગવંત સાહેબજી ૯ ડિસેમ્બરના રોજ શિણાય પધાર્યા. સાંજે સ્વાગત અને શ્રી ઠાકોરજીનાં નગરદર્શનની અદ્‌ભુત શોભાયાત્રા યોજાઈ. શિવમંદિરથી આશ્રમ સુધીની આ શોભાયાત્રામાં સંગીતનો રથ, બાઈક પર સવાર યુવકો, એન.સી.સી. કૅડેટ્સ, શ્રી ઠાકોરજી મહારાજનો સુશોભિત રથ, સંતભગવંત સાહેબજીનો કલાત્મક રથ, ખુલ્લી જીપમાં વડીલ સંતો તેમજ સૌ સંતો-ભક્તો પોતાના હસ્તમાં વિવિધ ધજા, આધ્યાત્મિક જીવનસૂત્રો, પવિત્ર ધાર્મિક ચિહ્નો અને અંતરમાં અપાર આનંદ લઈને જોડાયા. બાળસભાની દીકરીઓ કળશ તથા મંત્રપોથી લઈને ચાલ્યાં. શિવ મંદિરના ટ્રસ્ટીશ્રી નાવાણીસાહેબ તથા પ્રૉફેસર બી. વી.



શ્રીમતી ડૉ. નીમાબહેન આચાર્ય



નગર શોભાયાત્રા બાદ મંદિર પરિસરમાં પધારેલ શ્રી ઠાકોરજીનાં ભૂલકાંઓ, યુવાનો-યુવતીઓ દ્વારા ભક્તિભાવે વધામણાં



સાધુ પૂ. અશોકદાસજી



સાધુ પૂ. દિલીપદાસજી

વ્યાસસાહેબ અને સ્થાનિક આગેવાન ચંદ્રકાંતભાઈએ શ્રી ઠાકોરજી મહારાજ, સંતભગવંત સાહેબજી અને સૌ સંતોનાં સ્વાગત-પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. શોભાયાત્રા જે જે સ્થાનોએથી પસાર થઈ તે તે સ્થાનોના મહાનુભાવો-પ્રતિનિધિઓએ શ્રી ઠાકોરજી મહારાજનાં વધામણાં કર્યાં.

ખાસ તો શિણાય ગામના શ્રી ક્રિષ્ના બૅન્ડ સાથે ૫૦ દીકરીઓ એકસરખા ડ્રેસકૉડમાં તેમજ શિણાય મહિલા મંડળનાં દેવુબહેન સાથે ૫૦ બહેનો એકસરખા ડ્રેસકૉડમાં શોભાયાત્રામાં જોડાયાં અને વિશેષ ભક્તિ અદા કરી. શોભાયાત્રા આશ્રમે પહોંચતાં મંદિર પરિસરમાં શ્રી નીલકંઠવર્ણી વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ નૃત્યભક્તિ દ્વારા શ્રી ઠાકોરજી મહારાજ, સંતભગવંત સાહેબજી અને સૌ સંતો-ભક્તોનાં ભાવપૂર્ણ સ્વાગત કર્યાં અને ત્યારબાદ આખી શોભાયાત્રા સભામાં ફેરવાઈ ગઈ. બાળસભાનાં દીકરા-દીકરીઓએ પણ નૃત્યભક્તિ અદા કરી. સત્સંગી બહેનોએ રાસ લઈને અને સૌ યુવાનોએ જોશીલી ભક્તિ સાથે પ્રભુચરણે, ગુરુચરણે સ્વાગત-આનંદના ભાવ ધર્યા.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાનાં પૂર્વ અધ્યક્ષા શ્રીમતી ડૉ. નીમાબહેન આચાર્ય પધાર્યાં અને સાથે જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી ધવલભાઈ આચાર્ય, શ્રી માવજીભાઈ સોરઠિયા, શ્રી નીલેશભાઈ પટેલ (ફ્લૉરિડા-અમેરિકા) અને મોરબી, માણાવદર, જૂનાગઢ, અમદાવાદ તથા અનેક મંડળના અગ્રણી ભક્તો ઉપસ્થિત રહ્યા. માહાત્મ્યદર્શન સભામાં શ્રીમતી ડૉ. નીમાબહેન આચાર્યએ સંતભગવંત સાહેબજીના દિવ્ય જીવનની, અનુપમ મિશનની સેવાકીય પ્રવૃત્તિઓની સરાહના કરી સૌને પ્રેરિત કર્યાં. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કર્યા.



સાધુ પૂ. હરેશદાસજી



સાધુ પૂ. ગૌતમદાસજી

બીજા દિવસે ૧૦ ડિસેમ્બરની સવારે સંતભગવંત સાહેબજીના પરમ દિવ્ય સાંનિધ્યે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ. આચાર્યપદે થી સાધુ પૂ. અશોકદાસજી અને સાધુ પૂ. ઉત્પલદાસજીએ મૂર્તિપ્રતિષ્ઠા મહાપૂજા વિધિ ખૂબ સુંદર રીતે કરાવી. વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. ગૌતમદાસજી, પૂ. ઉમેશદાસજી, પૂ. દિનેશદાસજી, પૂ. અશોકદાસજી (એ. ટી.), પૂ. મૂકેશદાસજી આદિ સૌ સંતો પ્રતિષ્ઠાવિધિમાં જોડાયા. સંતભગવંત સાહેબજીએ શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ સ્થાપિત કરી પ્રાણ પૂર્યા. વડીલ સાધુ પૂ. દિલીપદાસજી અને પૂ. ગૌતમદાસજીએ સર્વ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓની સ્થાપના કરી. ત્યારબાદ શ્રી નીલકંઠવર્ણી વિદ્યાલયના ગ્રાઉન્ડમાં મહોત્સવની મુખ્ય સભા યોજાઈ.

અમિતભાઈ, દીપ્તિબહેન, દ્યુતિબહેનના મધુર કંઠે ગવાયેલ આવાહ્‌ન શ્લોક, ધૂન, ભજનથી સભાની શરૂઆત થઈ. સંતભગવંત



નગર શોભાયાત્રા બાદ સભામાં સંતભગવંત સાહેબજીનાં પ્રસન્નતાપૂર્ણ આશીર્દાન



સાહેબજીના સાંનિધ્યમાં મૂર્તિપ્રતિષ્ઠાવિધિમાં સંમિલિત સંતો-અક્ષરમુક્તો

સાહેબજી અને સંતોનાં પુષ્પોથી સ્વાગત થયા બાદ આ પ્રસંગે ખાસ પધારેલાં ગુજરાત વિધાનસભાનાં પૂર્વ અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્ય તથા ધારાસભ્ય શ્રીમતી માલતીબહેન મહેશ્વરીનું પુષ્પહારથી સ્વાગત કરાયું. કચ્છ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી ધવલભાઈ આચાર્ય, અંતરજાળ ગામના ઉપસરપંચશ્રી ધરમશીભાઈ જરુ, શિણાય ગામના સરપંચ શ્રી દીપકભાઈ, માવજીભાઈ સોરઠિયા, પાતળિયા હનુમાન મંદિરના ટ્રસ્ટીશ્રી શંભુભાઈ, ગોપાલભાઈ હડિયા, સુનીલભાઈ હડિયા, નીલેશભાઈ પટેલ (ફ્લૉરિડા), કનુભાઈ (મોરબી), કાનાભાઈ (મોરબી) આદિ મંચસ્થ મહાનુભાવોનાં પણ ભાવથી સ્વાગત કરાયાં.

સક્રિય યુવાન ડૉ. જતીન ટાંકે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ધરતીકંપ બાદ સંતભગવંત સાહેબજીએ તેમનાં જેવાં અનેક બાળકોનો સ્વીકાર કર્યો અને સાધુ પૂ. રણછોડદાસજી જેવા સાધુના સંગે રાખ્યા તો જીવનનો ઉદ્ધાર થયો તેની ખૂબ ભાવપૂર્ણ રજૂઆત કરી. ત્યારબાદ નીલેશભાઈ પટેલ, કનુભાઈ, શિણાય ગામના સરપંચશ્રી દીપકભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. પ્રાદેશિક સંતો સાધુ પૂ. અશોકદાસજી, સાધુ પૂ. હરેશદાસજી અને સાધુ પૂ. ગૌતમદાસજીએ પણ ખૂબ સરસ વાતો કરી સૌનાં અંતર માહાત્મ્યથી છલકાવી દીધાં. શ્રી ધવલભાઈ આચાર્યએ સંતભગવંત સાહેબજીના મહિમાનાં વર્ણન કરી પ્રસંગની ધન્યતા વ્યક્ત કરી. વડીલ સાધુ પૂ. દિલીપદાસજીએ ધરતીકંપથી લઈને અત્યાર સુધી કચ્છમાં અનુપમ મિશન દ્વારા જે સેવાકીય પ્રવૃત્તિઓ થઈ તેની વિગતે વાતો કરી. અંતે, સંતભગવંત સાહેબજીએ શિણાય સ્થિત ઉપાસના ધામમાં બિરાજમાન શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ સમક્ષ સૌ કોઈ જે પ્રાર્થના-સંકલ્પ કરશે તે સાકાર થશે જ તેવા રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. શ્રી ઠાકોરજી મહારાજને અન્નકૂટ ધરાવી ભક્તોએ ભાવ અર્પણ કર્યા અને આરતી ઉતારી વંદના ધરી. આ દિવ્ય અવસરે પધારેલ સૌ મહાનુભાવોને ખેસ, શાલ અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ આપી સંતભગવંત સાહેબજી, વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, સાધુ પૂ. ગૌતમદાસજી, સાધુ પૂ. અશોકદાસજી દ્વારા સન્માન કરાયાં.

આ મહોત્સવને સફળ બનાવવા અને સંતભગવંત સાહેબજીને રાજી કરવા માટે સૌ હરિભક્તોએ ખૂબ સારી જહેમત ઉઠાવી. રસોડાની વ્યવસ્થા, જનરલ વ્યવસ્થાકીય સેવા, શોભાયાત્રાની વ્યવસ્થા, ઇલેક્ટ્રિક વિભાગ, સાઉન્ડ સિસ્ટમ, ઉતારા વ્યવસ્થા, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી, સૂરવૃંદ, સુશોભન, મંચવ્યવસ્થા, અન્નકૂટ ગોઠવવાની સેવા, સભાવ્યવસ્થા, સભાસંચાલન, નૃત્યભક્તિ આદિ સેવાઓ સંતોનાં માર્ગદર્શને સ્થાનિક સક્રિય કાર્યકર્તાઓ, યુવાનો-યુવતીઓ, શ્રી નીલકંઠવર્ણી વિદ્યાલયના વિદ્યાર્થીઓ, જૂનાગઢ, માણાવદર મંડળના ભક્તોએ તન-મન-ધનથી અત્યંત સમર્પિતભાવે કરી. ◆

## વડોદરા મંડળમાં અન્નકૂટ ઉત્સવ

૧૦ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાના સાંનિધ્યે પ્રાદેશિક સંતો સાધુ પૂ. રમેશદાસજી (કપિલ) અને સાધુ પૂ. હરેશદાસજીનાં માર્ગદર્શને વડોદરા મંડળના અક્ષરમુક્તોએ અન્નકૂટ ઉત્સવની ભક્તિભાવે સુંદર ઉજવણી કરી. ઉપાસના પ્રવર્તન માટે ગુરુદેવ યોગીજી મહારાજના ડમણિયામાં વિચરણથી લઈને સંતભગવંત સાહેબજીની વૈશ્વિક ધર્મયાત્રાની સુવર્ણ જયંતી પ્રસંગે ઍરોપ્લૅન અને બિસ્કિટમાંથી બનાવેલ મંદિરજીની પ્રતિકૃતિ સુશોભન અને ઉત્સવનાં મુખ્ય આકર્ષણ હતાં. બહેનોએ ભાવથી બનાવેલ વ્યંજનો અત્યંત કલાત્મક રીતે સેવકોએ શ્રી ઠાકોરજી સમક્ષ ધરાવ્યાં. સૂરવૃંદનાં યુવાનો-યુવતીઓએ ભાવવાહી થાળનાં ગાન કરી પ્રભુને અન્નકૂટ જમાડ્યો. મુખ્ય થાળનાં ગાન દરમિયાન હૉલમાં ઉપસ્થિત પ્રત્યેક સંતો-ભક્તોને મીઠાઈની વાનગી આપવામાં આવી, જે સૌએ ખૂબ ભાવથી શ્રી ઠાકોરજીને ધરાવી. વડોદરા સત્સંગમંડળના પ્રમુખ અશ્વિનભાઈએ આ પ્રસંગે પધારેલ સંતો-અક્ષરમુક્તોનાં સ્વાગત કર્યાં. સાધુ પૂ. હરેશદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મહિમાગાન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાએ આશીર્વાદમાં સૌની ભક્તિને બિરદાવી મહિમાપૂર્ણ જીવન જીવવાની સમજ આપી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી અલૌકિક આધ્યાત્મિક લાભ આપ્યો. યુવાકાર્યકર મેહુલ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો અને પાર્થ ચૌહાણે સભાસંચાલન કરી ભક્તિ અદા કરી. ◆



વડોદરા મંડળના અન્નકૂટ ઉત્સવમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

## શ્રી વડતાલધામ પદયાત્રા

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશિષથી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે શ્રી વડતાલધામ પદયાત્રા ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ યોજાઈ, જેમાં ભાગ લેવા દેશ-વિદેશનાં અનેક મંડળોના ભક્તો પધાર્યા અને સંતો પણ જોડાયા. વિશેષ તો, સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે ભારતમાં ચાલી રહેલ ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટના યુવાન શિબિરાર્થીઓ પણ આ પદયાત્રામાં જોડાયા. સન ૧૮૦૧માં ૩૧ ડિસેમ્બરના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયના સૌ આશ્રિતો માટે અને મનુષ્યમાત્રના કલ્યાણ માટે 'સ્વામિનારાયણ' મહામંત્રનો ઉદ્‌ઘોષ કર્યો, આ 'મહામંત્ર ઉદ્‌ઘોષ દિન'ની વિશેષ સ્મૃતિમાં આ વર્ષે શ્રી વડતાલ ધામ પદયાત્રા યોજાઈ. આખા વર્ષ દરમિયાન ભગવાન અને ગુરુ રાજી ન થાય એવું કંઈ જિવાયું કે વર્તાયું હોય તેની શ્રી હરિકૃષ્ણ મહારાજના શ્રીચરણે માફી માંગવા અને આવનારા નૂતન વર્ષે ભગવાન અને ગુરુ પ્રસન્ન થાય તેવી ભક્તિ અદા કરવાની બુદ્ધિ અને શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરવાના શુભ ભાવ પણ આ પદયાત્રાનાં આયોજનમાં રહ્યા.

વહેલી સવારે ૪:૩૦ વાગ્યે નૂતન મંદિરજી સમક્ષ સૌ સંતો-ભક્તોએ ધૂન-પ્રાર્થના કરીને પદયાત્રાનો આરંભ કર્યો. પદયાત્રીઓ માટે માર્ગમાં વલ્લભવિદ્યાનગર મંડળના ભક્તોએ ગરમ ચા-બિસ્કિટની વ્યવસ્થા કરી. વહેલી સવારે ઠંડી ઋતુમાં આવી મહિમાસભર ભક્તિ અદા કરનાર સૌ ભક્તો અને સેવકો પર સંતભગવંત સાહેબજીએ અત્યંત રાજીપો વરસાવ્યો. વડતાલ મંદિરે સવારે શણગાર આરતી પૂર્વે સૌએ પહોંચી ધૂન-પ્રાર્થના અને આરતી અર્પણ કરી ભક્તિ અદા કરી. ત્યારબાદ શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલના પરિસરમાં યોજિત સભામાં સૌ પધાર્યા.

સભામાં યુવાનોએ સંતભગવંત સાહેબજી અને સંતોનાં સ્વાગત બૅન્ડવાદન સાથે કર્યાં. ત્યારબાદ વિશિષ્ટ રીતે સ્વાગતનૃત્ય પ્રસ્તુત કરી તન, મન, ધન સાહેબજીના ચરણોમાં અર્પણ કરવાની ભાવના વ્યક્ત કરી. યુવાનોની જોશીલી મહિમાવંત ભક્તિથી પ્રસન્ન થઈ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ તેઓ પર આશીર્વાદ વરસાવ્યા. 'સ્વામિનારાયણ' મહામંત્રના મહિમાને ઉજાગર કરતા યુવાસાધુ પૂ. સૌમ્યદાસ દ્વારા રચિત નૂતન કીર્તનનાં ગાન કરીને શ્રી યોગી યુવા સૂરવૃંદના યુવાનોએ ભક્તિભાવ રેલાવ્યા. સંતભગવંત સાહેબજીએ પદયાત્રા-ભક્તિ અદા કરનાર સૌ પર પ્રસન્નતાના આશીર્વાદ વરસાવ્યા. યુવક યોજશ પટેલે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર-મુક્તિમંત્રની અર્થસભર સમજૂતી સાથે તેના ઉદ્‌ઘોષના યથાર્થ તાત્પર્ય અંગે સુંદર મહિમાગાન કર્યાં. શ્રી વડતાલ પદયાત્રાની તેમજ મહામંત્ર ઉદ્‌ઘોષદિનની વિશેષ સ્મૃતિસ્વરૂપે સંતભગવંત સાહેબજીએ હસ્ત સ્થાપી પ્રસાદીની કરી આપેલ માળા આ પ્રસંગે ઉપસ્થિત સૌને સ્મૃતિરૂપે અર્પણ કરવામાં આવી.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આવી રહેલા નૂતનવર્ષના આરંભે પ્રભુ અને ગુરુહરિના દૃઢ આશરે રહેવાના ભક્તિમાર્ગે સૌને બળ મળે તે માટે અદ્‌ભુત પ્રાર્થના કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદમાં પ્રગટ ગુરુહરિમાં સમ્યક્ નિર્દોષભાવ રાખી, સૌના ગુણ ગ્રહી, વિવેકસભર ભક્તિ કરવાનાં મનનીય માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજીએ પદયાત્રાના આયોજક સંતો અને યુવાનોની ભક્તિને બિરદાવી પ્રસન્નતાના આશીર્વાદ વરસાવ્યા. વિશેષ તો, પદયાત્રારૂપી ભક્તિ કરીને એકત્ર કરેલ પુણ્યને અભાવ, અમહિમા, નિંદા અને કૂથલી જેવી - પ્રભુને ના ગમતી ક્રિયાઓ કરી વેડફી ના નાખવાની સુંદર સમજ આપી.

હજારો અક્ષરમુક્તોએ આ પ્રસંગે સત્સંગલાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. પદયાત્રા અને સભાનાં સફળ સંચાલનમાં સેવા-સહકાર આપનાર સૌ અક્ષરમુક્તોનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરાયો. ◆






સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના સાંનિધ્યે શ્રી વડતાલ ધામ પદયાત્રાની માહાત્મ્યદર્શન સભામાં સંમિલિત ભક્ત મહેરામણ

## શ્રદ્ધાંજલિ :

*** પૂજ્ય બળદેવભાઈ પટેલ :**



સંતભગવંત સાહેબજીના કૃપાપાત્ર અનુપમ નિષ્ઠાવાન હરિભક્ત અને વેમાર સત્સંગ મંડળના પાયાની ઈંટ સમાન બળદેવભાઈ ભાઈલાલભાઈ પટેલ ૭ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરધામ સિધાવ્યા. કાનમ પ્રદેશના વેમાર ગામમાં તેઓ સર્વપ્રથમ શૂરવીરતાથી સત્સંગપ્રધાન જીવ્યા. તેઓએ પોતાના ઘરે વખતોવખત સંતભગવંત સાહેબજી અને સંતોની પધરામણી કરાવી અનેકોને સત્સંગનું સુખ અપાવ્યું. તેઓની ભકિત અને જડબેસલાક નિષ્ઠાને પરિણામે આખું ગામ સત્સંગના રંગે રંગાયું. બળદેવભાઈનું આવું યોગદાન વેમાર ગામમાં અનુપમ મિશનના મંદિર સર્જનનું એક નિમિત્ત પણ બન્યું અને આજે તે દ્વારા અનંતને સમાસ થાય છે. હૈયામાં રહેલી ભારોભાર ભક્તિ અને અનન્ય મહિમાના સંસ્કારને તેઓના સુપુત્ર રાકેશભાઈએ જાળવી આગળ ધપાવ્યો. બળદેવભાઈએ પ્રગટ સ્વરૂપના કાર્યમાં જોડાઈને આત્માનું કલ્યાણ કરી લીધું. છતી દેહે પ્રાપ્તિનાં પરમ સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિમાં અંતિમ શ્વાસ સુધી જીવ્યા. તેઓની ભક્તિને વંદન ધરી શ્રદ્ધાસુમન પાઠવીએ છીએ. ◆

*** પૂજ્ય અશોકભાઈ પટેલ :**



મુંબઈ મંડળના નિષ્ઠાવાન ભક્તરાજ અને સેવાનો પરમભાવ ધરાવતા વડીલ ગૃહસ્થ અશોકભાઈ પટેલ ૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરધામ સિધાવ્યા. સૌની સેવામાં તત્પર એવા અશોકભાઈને ભગવાન, ભગવાનના સાધુ અને તેઓનાં સંબંધીનો અનન્ય મહિમા હતો ! કોઈ પણ ભક્તનું કોઈ પણ પ્રકારનું કામ પૂરું કરવાની અજબની ખેવના તેઓના હૈયે ધબકતી. અંતિમ દિવસોમાં તેઓ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા ત્યારે પણ મળવા આવનાર કોઈ કામ અંગે વાત કરે તો તેઓ તરત કહેતા કે, 'આ પથારી પરથી ઊભો થઉં એટલે તમારું કામ પહેલું પતાવી આપીશ.' ૨૦૦૭માં નવી મુંબઈના ખારઘરમાં અનુપમ મિશનનું નૂતન મંદિર સર્જાયું ત્યારે મહંત સાધુ પૂ. દિનેશદાસજી સાથે વ્યાવહારિક કાર્યની વ્યવસ્થા માટે અશોકભાઈની વરણી કરવામાં આવી. તેઓએ મંદિરમાં રહી સૌની સાથે સુહૃદ સંબંધો સાચવ્યા ને તેથી સૌને મંદિરનો અને સંતોનો ખૂબ ગુણ આવ્યો. સેવાનાં આવાં પુણ્યકાર્યોમાં તેઓને તેમનાં ધર્મપત્ની નીનાબહેનનો અદ્ભુત સહકાર સાંપડ્યો. અશોકભાઈની ખોટ પૂરી શકાય તેમ નથી. આવા સેવાના વ્યસની અનુપમ સ્વજનને અનંત વંદન અને પરિવારજનો માટે સુહૃદ પ્રાર્થના ! ◆

*** પૂજ્ય ડૉ. જયસુખભાઈ જસાણી :**



ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાન ધારી તથા સમગ્ર અમરેલી પંથકમાં જીવનની અંતિમ પળ સુધી જેઓ સમાજની સેવાને પ્રભુની સેવા માની કાર્યરત રહ્યા અને પ્રભુની સુવાસ પ્રસરાવતા રહ્યા એવા પૂજ્ય જસાણીસાહેબ ૧૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરધામ સિધાવ્યા. ૧૯૯૨માં ગુરુદેવ યોગીજી મહારાજના જન્મશતાબ્દી પર્વે સંતભગવંત સાહેબજીના સંકલ્પે ધારી ગામમાં નિર્માણ થયેલ 'યોગીજી મહારાજ મહાવિદ્યાલય'ની પાયાની ઈંટ બનીને તેઓએ અનુપમ સેવા અર્પણ કરી સૌને હૂંફ અને માર્ગદર્શન આપ્યાં એવા અનુપમ માવતર પૂજ્ય જસાણીસાહેબને અનંત વંદન !

અજોડ સમાજસેવક જસાણીસાહેબે સમાજોત્કર્ષ માટે આયખું ખર્ચી કાઢ્યું. શિક્ષણ, આરોગ્ય અને અન્ય અનેક ક્ષેત્રે સમાજસેવાનાં કાર્યો કર્યાં અને આવી સેવામાં જોડાવા ઈચ્છતા અનેકને માર્ગદર્શન આપ્યાં. સમાજના પાયાના પ્રશ્નો અને મુશ્કેલીઓનાં નિવારણ માટે જસાણીસાહેબે કરેલાં નિઃસ્વાર્થ કાર્યોના પરિણામે તેઓએ સૌનાં હૃદયમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પોતે ડૉક્ટર હતા તેથી આરોગ્યક્ષેત્રે નિરપેક્ષભાવની સેવા અંતિમ શ્વાસ સુધી કરી. વ્યવહારકુશળ અને શીલવાન વ્યક્તિત્વના ધણી જસાણીસાહેબે

જનસેવા ક્ષેત્રે ઊંચો આદર્શ સ્થાપ્યો. રાજકીય, સરકારી, સહકારી, સામાજિક સંસ્થાઓના અગ્રણીઓને તેમજ સૌ નગરજનોને તેઓ પ્રતિ અનેરો આદરભાવ હતો. જનસેવા દ્વારા પ્રભુ પ્રસન્ન કરવાની તેઓની આવી ભાવનામાં તેઓનાં ધર્મપત્ની રાધામાસીએ સંપૂર્ણ સાથ આપ્યો. પોતાનાં સંતાનો કલ્પુબહેન (કલકત્તા), સ્મિતાબહેન (વડોદરા), અતુલભાઈ (અમદાવાદ) અને અમિતાબહેન (ન્યૂઝીલૅન્ડ) આદિ સૌને સંસ્કારવારસો આપ્યો, જેના પરિણામે સૌ સત્સંગની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ અનુપમ ભક્તિ અદા કરી રહ્યાં છે. સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોના પરિચયમાં આવ્યા બાદ જીવન તેઓના અર્થે કરી દીધું અને તેઓની આજ્ઞા અનુસાર જીવન વિતાવ્યું. ધારી કેળવણી મંડળ અને અનુપમ મિશનની શૈક્ષણિક સેવાઓમાં સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં માર્ગદર્શને વિકાસ કર્યો અને સદ્ગુરુ સાધુ પૂ. અરુણદાદાને ખૂબ સાથ આપ્યો. સેવામૂર્તિ પૂજ્ય જસાણીદાદાને ભક્તિવંદના ધરી પરમ શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. ◆

*** પૂજ્ય મણિબા ઓઝા :**



મોગરી ગામનાં નિવાસી પૂ. મણિબા ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ની રાત્રે અક્ષરધામ સિધાવ્યાં. પૂ. મણિબાએ સંતભગવંત સાહેબજી અને સંતોમાં દિવ્યભાવ રાખી અનુપમ મિશનના આરંભિક દિવસોમાં અહોહોભાવે સેવા કરી. જીવનભર આવા જ અદ્ભુત ભક્તિભાવે સેવામાં રત રહ્યાં. વર્ષો સુધી અનુપમ મિશન દ્વારા ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિમાં બાળકો માટે પૌષ્ટિક નાસ્તો બનાવવાની સેવા અને પછી યોગી પ્રસાદમાં સંતો અને ભક્તોના મહાપ્રસાદ બનાવવાની સેવામાં સમર્પણભાવે જોડાયેલાં રહ્યાં. સેવા અને ભક્તિના સંસ્કાર તેમના બંને દીકરાઓ ભાવેશભાઈ અને મયંકભાઈ તથા પરિવારજનોને આપી સૌનું જીવન ધન્ય બનાવ્યું. સત્સંગસભામાં નિયમિત હાજર રહી આત્માને બળ પૂરું પાડ્યું. આમ, સેવા અને સત્સંગના સહારે જીવનું કલ્યાણ સાધ્યું. આવાં ભક્તિવાન પૂ. મણિબાને શ્રદ્ધાસુમન સાથે ભાવવંદન ! તેઓના આત્માને શાંતિ મળે અને પરિવારજનોને બળ મળે તે પ્રાર્થના ! ◆

*** પૂજ્ય ડૉ. વિષ્ણુભાઈ પટેલ :**



પૂ. ડૉ. વિષ્ણુદાદા મૂળ ભાદરણના વતની, ઉચ્ચ શિક્ષણ માટે વલ્લભવિદ્યાનગર પધાર્યા અને સદ્ગુરુ સાધુ પૂ. વી. એસ.દાદા અને પૂ. સનંદદાદા સાથે મૈત્રી થઈ. બંને સંતોનાં જીવન-પરિવર્તનને જોઈને સંતભગવંત સાહેબજી માટે પરમભાવ થયો. વલ્લભવિદ્યાનગરમાં ચાલતી અઠવાડિક સત્સંગસભામાં જોડાયા. અમેરિકા ગયા તે પણ રિટર્ન ટિકિટ લઈને અને જો ન ફાવે તો પરત આવી જઈશું એવા દૃઢ ભાવ સાથે. એક સમયે નક્કી પણ કરી લીધું કે પરત ભારત જવું છે. પરંતુ, સાહેબજીને પૂછીને જ નિર્ણય લઈએ તેમ નક્કી કર્યું, તેથી એક પત્ર મોકલ્યો. તે પત્રના પ્રત્યુત્તરમાં સાહેબજીએ લખ્યું કે, 'આપણે ભારત પાછા નથી આવવું. ભગવાને જ આપણને તેઓનું કાર્ય કરવા માટે અમેરિકા મોકલ્યા છે.' એ પત્ર મળ્યેથી રિટર્ન ટિકિટ ફાડી નાખી અને આજીવન ભગવાનનું કાર્ય કર્યું. શરૂઆતમાં પોતાના ઘરે સત્સંગસભા શરૂ કરી અને ઘરને મંદિર બનાવી સમૈયા-ઉત્સવ કરતા રહ્યા. અને પછીથી તો સમગ્ર અમેરિકા સત્સંગમંડળના પ્રમુખ તરીકે આજીવન સેવાપ્રવૃત્ત રહ્યા. અનેક મિત્રોને, મુમુક્ષુઓને સત્સંગની વાતો કરી સંતભગવંત સાહેબજીમાં જોડ્યા. તન, મન અને ધનનાં પણ અદ્ભુત સમર્પણ કર્યાં. સર્વ રીતે ખૂબ ભીડો વેઠ્યો, પરંતુ ભગવાનને પ્રસન્ન કરવાના ભાવથી દૃઢ મનોબળ સાથે સત્સંગની પ્રવૃત્તિમાં સતત રત રહ્યા. તેમાં તેઓનાં ધર્મપત્ની વીરુબાનો અદ્ભુત સહકાર પ્રાપ્ત થયો. સેવા-ભક્તિના સંસ્કાર તેઓએ તેમનાં સંતાનો રીટાબહેન અને સંજયભાઈને પણ આપ્યા. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદા સાથે જીવની પ્રીતિ કરી કલ્યાણના પરમ માર્ગે આગળ વધ્યા. સૌનાં ખૂબ જતન કરી, સૌને મંદિર, મૂર્તિ ને સત્પુરુષ સાથે જોડી અલૌકિક ભક્તિ અદા કરી. સત્સંગના આગેવાનને છાજે તેવા સુહૃદભાવસભર પરમ દાસત્વભાવે વર્તી સત્સંગનું ખૂબ શોભાડ્યું. સદૈવ ભક્તિમાં તલ્લીન રહ્યા થકા પૂ. વિષ્ણુદાદા ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરધામ સિધાવ્યા. આજીવન સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોને પ્રાધાન્ય આપી નિષ્ઠાસભર ભક્તિ કરવાના પરમ આદર્શ એવા પૂ. વિષ્ણુદાદાને વિદાય વેળાએ અનંત પ્રણામ ! ◆